સંસ્કૃત સ્ટુડન્ટસને

માટે

અગત્યના સંધિના નિયમો ને ઉદાહરણો

અને

જુદાં જુદાં કૃદન્ત બનાવવાની રીતિ.

(સુધારા વધારા સાથે)

PUBLISHED BY

Narandas Mohanlal Nanavati. B. A.

Teacher, Union High School, Kanpith-Surat.

સુરત ચૌટાના પુલ ઉપર આવેલા

"સુરત સીટી" પ્રીન્ટીંગ પ્રેસમાં ઠાકોરદાસ માનસીંહે છાપી.

સંધિના અગત્યના નિયમો ને તેના ઉદાહરણો.

જુદાં જુદાં કૃદન્ત બનાવવાની રીતિ.

૧ પાંચ વર્ગમાંના દરેકમાંથી પહેલો ને બીજો વ્યંજન અને ઉષ્મા એટલા વ્યંજન **અઘોષ** છે. એટલે કુલ ૧૩ વ્યંજન અઘોષ છે.

૨ પાંચ વર્ગમાંના દરેકમાંથી છેલ્લા ત્રણ વ્યંજન અને અંતઃસ્થ અને મહાપ્રાણ એટલા **ઘોષ** વ્યંજન છે. કુલ ૨૦ છે.

૩ પાંચ વર્ગમાંના દરેક વર્ગનો છેલ્લો વ્યંજન **અનુનાસિક** છે. કુલ ૫ વ્યંજન અનુનાસિક છે.

સંધિ એટલે શું ?

બે અથવા વધારે અક્ષર જોડાવાથી એટલે સાથે આવવાથી જે ફેરફાર થાય તેને સંધિ કહે છે.

સંધિ મુખ્ય ત્રણ જાતની છે.

૧ વિસર્ગ સંધિ. ૨ સ્વર સંધિ. ૩ વ્યંજન સંધિ.

વિસર્ગ સંધિના નિયમો.



૧ વિસર્ગની પૂર્વે अ આવે ને પછી अ અથવા ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો उ થાય છે જે આગલા अ સાથે મળી જઈ ओ થાય છે.

नृपः+गच्छति=नृपो गच्छति। नरः+वदति=नरो वदति। देवः+जयति=देवो जयति।

૨ (A) વિસર્ગની પૂર્વે आ આવ્યો હોય ને પછી કોઈપણ સ્વર અથવા ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો લોપ થાય છે,

नराः+आगच्छन्ति=नरा आगच्छन्ति। अश्वाः+इति=अश्वा इति। बालाः+रमन्ते=बाला रमन्ते।

(B.) વિસર્ગની પૂર્વે अ આવે ને પછી अ સિવાયનો કોઈપણ સ્વર આવે તો પણ વિસર્ગનો લોપ થાય છે.

रामः+इच्छति=राम इच्छति। नरः+ईक्षते=नर ईक्षते।

N. B. વિસર્ગના ओ કરવાનો નિયમનો અને વિસર્ગના લોપનો (B) નિયમ તફાવત ખાસ ધ્યાનમાં રાખવો. વિસર્ગનો ओ કરવામાં વિસર્ગની પાછળ अ સ્વરજ જોઈએ અને વિસર્ગના લોપના (B) નિયમમાં अ સિવાયનો સ્વર જોઈએ વળી વિસર્ગનો ओ કરવામાં તેની પાછળ ઘોષ વ્યંજન આવે તો ચાલે પણ લોપના (B) નિયમમાં તે ચાલેજ નહીં.

વિસર્ગનો લોપ કર્યા પછી બે સ્વર સાથે આવે તો તેને સ્વર સંધિના નિયમો લગાડવા નહીં.

૩ વિસર્ગની પૂર્વે अ અથવા आ સિવાયનો કોઈપણ સ્વર આવે અને પછી કોઈ પણ સ્વર અથવા ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો र થાય છે વિસર્ગના र् થયા પછી र् આવે તો પહેલો र् લોપાય છે ને તેની પહેલાંનો સ્વર હ્રસ્વ હોય તો દીર્ઘ થાય છે.

हरिः+नयति=हरिर्नयति । मातुः+आज्ञा=मातुराज्ञा. कलेः+इति=कलेरिति. रविः+रमते=रवीरमते । भानुः+रामः=भानूरामः

૪ વિસર્ગની પછી च् કે छ् આવે તો વિસર્ગનો श् થાય છે. વિસર્ગની પછી ट् કે ठ् આવે તો ष् થાય છે. વિસર્ગની પછી त् કે थ् આવે તો વિસર્ગનો स् થાય છે.

अश्वः+चरति=अश्वश्चरति । धनुः+टंकार=धनुष्टंकार. जनः+[illegible]=ज[illegible]स्तरति । [illegible]स्त्वच. [illegible]

૫ વિસર્ગની પછી श, ष, કે स આવે તો તેને [illegible] તો તેનો અનુક્રમે श् ष् કે स् થાય છે.

असारः+संसारः=असारः संसारः કે असारस्संसारः

૬ सः અને एषः ના વિસર્ગની પછી કોઈ પણ વ્યંજન આવે તો તેનો અવશ્ય લોપ થાય છે.

सः+नरः=स नरः; एषः+जनः=एष जनः

सः અને एषः ના વિસર્ગની પછી સ્વર આવે તો સામાન્ય સંધિના નિયમો લગાડવા.

एषः+अस्ति=एषोऽस्ति सः+अस्ति=सोऽस्ति.

સ્વર વિષે થોડી સુચના—

હ્રસ્વ સ્વર अ, इ, उ, ऋ, ऌ. दीर्घस्वर–आ ई, ऊ, ॠ (ऌનો દીર્ઘ હોતો નથી

संधि स्वर—ए (अ+इ), ऐ, (अ+ए) ओ (अ+उ), औ (अ+ओ).

सवर्ण स्वर—જે સ્વરો એકજ હોય, અથવા જેના ઉચ્ચારમાં ફક્ત માત્રાનો ફેર હોય તે સવર્ણ સ્વર કહેવાય છે.

अअ, अआ, आअ, आआ, इइ, इई, ईइ, ईई, उउ, उऊ, ऊउ, ऊऊ, ऋऋ, ऋॠ, ॠऋ ॠॠ, ऌऌ.

આ સિવાયનાં જોડકાં असवर्ण स्वर કહેવાય છે.

अ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ એટલા સ્વરોમાં પ્રસંગે ખાસ ફેરફાર થાય છે ને ગુણ અને વૃદ્ધિ કહે છે.

अ	નો	गुण अ	ને	वृद्धि आ	છે
इ, ई	,,	ए	,,	ऐ	,,
उ, ऊ	,,	ओ	,,	औ	,,
ऋ, ॠ	,,	अर्	,,	आर्	,,
ऌ	,,	अल्	,,	आल्	,,

સ્વર સંધિના નિયમો—

૧ अ, इ, उ, ऋ (હ્રસ્વ કે દીર્ઘ) અને ऌ પછી **સવર્ણ સ્વર** આવે તો બંનેને બદલે તેજ સ્વરનું દીર્ઘરૂપ થાય છે.

कवि+ईश=कवीश. मुर+अरि=मुरारि इन्दु+उदय=इन्दूदय.

૨ अ અથવા आ પછી इ, उ, ऋ (હ્રસ્વ અથવા દીર્ઘ) કે ऌ આવે તો બેને ઠેકાણે પાછલા સ્વરનો ગુણ થાય છે એટલે ए, ओ अर् અને अल् થાય છે.

परम+ईश्वर=परमेश्वर सूर्य+उदय=सूर्योदय. सप्त+ऋषयः=सप्तर्षयः

૩ अ અથવા आ પછી ए અથવા ऐ આવે તો બંનેને બદલે ऐ મુકાય છે ને ओ અથવા औ આવે તો બંનેને બદલે औ થાય છે.

नर+पति=[illegible] उष्ण+ओदन=उष्णौदन. एक+एक=एकैक. [illegible] ાય છે.

[illegible] ले पछी અસવર્ણ સ્વર આવે તો य्, व्, र्, ल् અનુક્રમે મુકાય છે. (ત્યારપછી તેમાં બીજો સ્વર ઉમેરાય છે એ લક્ષમાં રાખવું.)

प्रति+उत्तर=प्रत्युत्तर गुरु+आदेश=गुर्वादेश. फलानि+अत्ति=फलान्यत्ति । पितृ+आज्ञा=पित्राज्ञा.

૫ પદ ને અન્તે ए કે ओ હોય ને તેની પછી अ આવે તો अ નો લોપ થાય છે અને તેને બદલે ऽ એ પ્રકારનું અવગ્રહ ચિન્હ મુકાય છે.

वने+अटन्ति=वनेऽटन्ति.

N. B. અહીંઆં યાદ રાખવું કે વિસર્ગનો ओ થાય ત્યાર પછી આ નિયમ બહુધા લાગુ પડે છે. (વિસર્ગની પછી अ આવી વિસર્ગનો ओ થયો હોય તો.)

नृपः+अस्मि=नृपो अस्मि (વિસર્ગનો ओ નિયમ લાગ્યો)

नृपोऽस्मि (સ્વર સંધિનો આ નિયમ લાગ્યો.)

नरः+अपि=नरो अपि=नरोऽपि

૬ ए, ऐ, ओ, औ પછી કોઈ સ્વર આવે તો તેના અનુક્રમે अय्, आय्, अव्, आव्, થાય છે અને अय् आय् अव् ને आव् ના य् ને व् વિકલ્પે લોપાય છે ને લોપાયા પછી સંધિ થતી નથી.

अश्वौ+उत्पततः=अश्वावुत्पततः । કે अश्वा उत्पततः

हरे+आगच्छ=हरयागच्छ । કે हर आगच्छ ।

વ્યંજન સંધિ—

૧ અનુનાસિક સિવાયના કોઈ વ્યંજન પછી ઘોષ વ્યંજન અથવા તો શબ્દને આરંભનો સ્વર આવે તો પ્રથમ આવનાર વ્યંજનને બદલે તે વર્ગનો **ઘોષ** વ્યંજન થાય છે.

जगत्+गुरु=जगद्गुरु, भगवत्+गीता=भगवद्गीता.

૨ **स्** અથવા દંતસ્થાની કોઈ વ્યંજનની સાથે **श्** અથવા કોઇ તાલુસ્થાની વ્યંજન આવે તો **स्** ને બદલે **श्** મુકાય ને દંતસ્થાની વ્યંજનને બદલે **તેટલામો તાલુસ્થાની** વ્યંજન મુકાય છે.

सत्+चित्=सच्चित्, **शत्रून्+जयति=शत्रूञ्जयति।** **सत्+जन=सद्+जन** (નિયમ પહેલા મુજબ) **सज्जन** (આ નિયમ મુજબ થયો.)

૩ **स्** અથવા દંતસ્થાની કોઈ વ્યંજનની સાથે **ष्** અથવા મૂર્ધસ્થાની કોઈ વ્યંજન આવે તો **स्** ને બદલે **ष्** મુકાય છે ને દંતસ્થાની વ્યંજનને **તેટલામોજ મૂર્ધસ્થાની** વ્યંજન મુકાય છે.

तत्+टीका=तट्टीका, उद्+डयन=उड्डयन.

૪ શબ્દને છેડે **न्** આવે ને તેની પછી **च्, छ्, ट, ठ्, त्, थ्** આવે તો **न्** નો અનુસ્વારને વિસર્ગ કરવો ત્યાર પછી વિસર્ગનો **[illegible] ष्** કરવાને વિસર્ગનો ચોથો ... [illegible]

[illegible]हून्+चोरान्=बहूंश्चोरान्. चोरान्+ताडयति=चोरांस्ताडयति. ग्रन्थान्+टीका=ग्रन्थांष्टीका.

૫ અન્તસ્થ કે અનુનાસિક સિવાયના કોઈપણ વ્યંજન પછી **અઘોષ** વ્યંજન આવે તો પૂર્વ વ્યંજનને સ્થાને તેજ વર્ગનો **પહેલો અક્ષર** મુકાય છે.

उद्+पतति=उत्पतति. अद्+सि=अत्सि उद्+तर=उत्तर. उद्+तम=उत्तम विपद्+ति=विपत्ति.

૬ શબ્દને છેડે અનુનાસિક સિવાય કોઈ વ્યંજનની પછી અનુનાસિક વ્યંજન આવે તો **પ્રથમ** આવનાર વ્યંજનને બદલે તે વર્ગનો અનુનાસિક **વિકલ્પે** કરીને મુકવામાં આવે છે.

एतद्+मुरारि=एतद्मुरारि કે **एतन्मुरारि, दिक्+मूढ=दिग्मूढ** કે **दिङ्मूढ.**

પરંતુ દ્વિતીય અનુનાસિક વ્યંજન જો **मय, मात्र** જેવા તદ્ધિત પ્રત્યયને લગતો હોય તો પૂર્વના વ્યંજનને બદલે તે વર્ગનો અનુનાસિક **અવશ્ય** થાય છે.

तद्+मय=तन्मय. चिद्+मात्र-चिन्मात्र.

૭ કોઈપણ વર્ગના પ્રથમ ચાર વ્યંનમાંના કોઈપણ વ્યંજન પછી **ह्** આવે તો **ह्** ને બદલે **વિકલ્પે** કરીને પૂર્વ વ્યંજનના વર્ગનો ચોથો અક્ષર મુકાય છે.

वाक्+हरिः=वाग्हरिः કે **वाग्घरिः** (વ્યંજન સધિના પહેલા નિયમ મુજબ **क्** નો ग થયો છે).

૮ પદને અન્તે ङ् ण् કે न् હોય ને તેની પૂર્વે હ્રસ્વ સ્વર ને પછી ગમે તેવો સ્વર હોય તો ङ् ण् ને न् બેવડાય છે.

अस्मिन्+एव=अस्मिन्नेव.

૯ त्, थ्, द्, ध्, नी पछी ल् આવે તો त्, थ्, द्, ध्, નો ल् કરવો ને न् પછી ल् આવે તો न् બદલે लँ मुકવો.

भगवत्+लीला=भगवल्लीला. उत्+लास=उल्लास वृक्षान्+लुनाति=वृक्षाँल्लुनाति ।

૧૦ श् ની પૂર્વે, શબ્દના અંતનો કોઈપણ વર્ગના પ્રથમ ચાર વ્યંજનમાંનો કોઇ વ્યંજન આવે, અને પછી સ્વર, અંતસ્થ કે અનુનાસિક આવે તો श् નો વિકલ્પે छ् થાય છે.

तत्+शिवः=तच्शिवः; કે तच्छिवः। सत्+शब्द=सच्शब्द કે सच्छब्द, (त् नो च् બીજા નિયમ મુજબ થયો છે.)

૧૧ छ् પૂર્વે હ્રસ્વ સ્વર, आ ઉપસર્ગ કે નકાર બતાવનાર मा આવે તો અવશ્ય छ्यो च्छ् કરવો અને छ् પૂર્વના શબ્દને અંતે દીર્ઘસ્વર હોય તો छ् નો च्छ વિકલ્પે કરવો.

वृक्षस्य+छाया=वृक्षस्यच्छाया, लक्ष्मी+छाया=लक्ष्मीछाया કે लक्ष्मीच्छाया.

न् ने [illegible] કરવો?

૧ [illegible] કે ष [illegible] આવે તો न् નો ण् થાય છે.

कर्[illegible]न=[illegible]. नृ+नाम्=नृणाम्.

૨ ऋ, र्, કે ष् અને न् ની વચ્ચે કોઈપણ સ્વર, क વર્ગ, प વર્ગ य्, र्, व् ह् માંના કોઈપણ વર્ણ આવ્યા હોય તોપણ न् નો ण् થાય છે रामेण, गृहाणि. પણ પદને અન્તે न् નો ण् થતો નથી.

म् નો અનુસ્વાર ક્યારે કરવો?

શબ્દને અથવા અવ્યયને છેડે આવેલા म् ની પછી श् ष् स् र् કે ह् આવે તો म्નો અવશ્ય અનુસ્વાર કરવો એ સિવાયના વ્યંજન આવે તો म् ને અનુસ્વાર થાય છે અથવા તો પાછળ આવેલા વ્યંજના વર્ગનો અનુનાસિક થાય છે म् પછી य् ल् કે व् આવે તો म् નો અનુસ્વાર થાય છે અથવા यँ लँ वँ થાય છે.

म् પછી કોઈપણ વ્યંજન આવે તો म्નો અનુસ્વાર કરવો એ ઉત્તમ છે.

अनिशम्+रमते=अनिशं रमते । भारम्+वहति=भारं वहति કે भारँव्वहति ॥

र् ની પછી કોઇપણ અક્ષર ન આવે અથવા તો અઘોષ વ્યંજન આવે તો र् નો વિસર્ગ થાય છે र् ની પછી સ્વર અથવા ઘોષ વ્યંજન આવે તો તેમાં કશો ફેરફાર થતો નથી.

हे मातर्=हे मातः। पुनर्+पुनर्=पुनः पुनः। मातर्+गच्छामि=मातर्गच्छामि।

કૃદન્ત વિષે સુચના—

૧ ભૂત કૃદન્ત ૨ હેત્વર્થ કૃદન્ત ૩ અવ્યયરૂપકૃદન્ત ૪ વિધ્યર્થ કૃદન્ત ૫ વર્તમાનકૃદન્ત

૧ ધાતુને त પ્રત્યય લગાડવાથી ભૂત કૃદન્ત બનેછે भू+त=भूत नी+त=नीत. कृ+त=कृत.

૨ ધાતુને तुम् પ્રત્યય લગાડવાથી હેત્વર્થ કૃદન્ત થાય છે એ પ્રત્યયપર છતાં અન્ત્ય સ્વરને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે. नी=नेतुम्, जि=जेतुम्, मुच्=मोक्तुम्. कृ=कर्तुम्.

૩ અવ્યય કૃદન્ત.

એકલા ધાતુનું અવ્યય કૃદન્ત કરવું હોય તો त्वा લગાડવો. भू=भूत्वा, नी=नीत्वा, सृ=सृत्वा.

ધાતુની પૂર્વે ઉપસર્ગ હોય ને ધાતુને અન્તે હ્રસ્વ સ્વર હોય તો त्वा ને બદલે त्य પ્રત્યય લગાડવો. अनु+सृ=अनुसृत्य, [illegible] त्य, वि+जि=विजित्य.

ધાતુની પૂર્વે ઉપસર્ગ હોય ને ધાતુને અન્તે દીર્ઘ સ્વર હોય અથવા ધાતુનો અન્ત વ્યંજનમાં આવતો હોય તો य પ્રત્યય લગાડવો.
अनु+भू=अनुभूय (અનુભવ કરીને) प्र+विश्=प्रविश्य (દાખલ થઈને) वि+नी=विनीय (ભણાવીને)

૪ વિધ્યર્થ કૃદન્ત.

ધાતુને अनीय, तव्य, य પ્રત્યયો લગાડવાથી વિધ્યર્થ કૃદન્ત થાય છે अनीय ને तव्य લગાડતાં પહેલા ધાતુના અન્ત્ય સ્વરનો ને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ થાય છે य લગાડતાં અન્ત્ય સ્વરની બહુધા વૃદ્ધિ થાય છે.
कृ=कर्तव्य કે करणीय કે कार्य (કરવાને યોગ્ય)

૫ વર્તમાન કૃદન્ત.

પરસ્મૈપદી ધાતુને ગણકાર્ય કરી જે અંગ થાય તે અંગ અકારાન્ત હોય તો તેને त् પ્રત્યય લગાડવાથી ને અકારાન્ત ન હોય તો વર્તમાનકાળ ત્રીજો પુરૂષ બહુવચનમાં અંગનું જે સ્વરૂપ થતું હોય તેને अत् પ્રત્યય લગાડવાથી વર્તમાન કૃદન્ત થાય છે गण्=गणयत् पुष्=पुष्यत् सृ=सरत्.

આત્મને પદી ધાતુને ગણકાર્ય કરી જે અંગ થાય તે અંગ અકારાન્ત હોય તો તેને **मान** પ્રત્યય લગાગડવો ને અકારાન્ત નહોય તો વર્તમાનકાળ ત્રીજો પુરૂષ બહુવચનમાં અંગનું જે સ્વરૂપ થાય તેને **आन** પ્રત્યય લગાડવાથી—**वर्तमान कृदन्त** થાય છે **वृत्=वर्तमान. मृ=म्रियमाण तनू=तन्वान. कृ=कुर्वाण.**

વિસર્ગ સંધિનો ટુંક કોઠો.

૧ अः+अ કે ઘોષ વ્યંજન=વિસર્ગનો ओ થાય છે.

૨ { आः+કોઇ સ્વર કે ઘોષ વ્યંજન=,, લોપ
  { अः+अ સિવાયનો સ્વર = ,, લોપ

૩ अ ને आ સિવાયનો સ્વર } : + કોઇપણ સ્વર કે ઘોષ વ્યંજન = र्,

સ્વર સંધિનો ટુંક ગાઠા.

૧ अ, इ, उ, ऋ (હ્રસ્વ કે દીર્ઘ) કે ऌ+सवर्ण स्वर=दीर्घ स्वर
૨ अ કે आ+इ, उ, ऋ (હ્રસ્વ કે દીર્ઘ), ऌ=गुण કરવો.
૩ अ કે आ+ए કે ऐ=ऐ
૪ अ કે आ+ओ કે औ=औ
૫ इ, उ, ऋ (હ્રસ્વ કે દીર્ઘ),ऌ+અસવર્ણ સ્વર=य्, व् , र ल् અનુક્રમેમુકવો.
૬ ए. કે ओ+अ=अ નો ऽ કરવો.
૭ ए, ऐ, ओ, औ+કોઈ સ્વર=અનુક્રમે अय्. आय्, अव्, आव् થાય છે.

સંધિ થતી નથી એના નિયમો—

૧ નામ અથવા ક્રિયાપદના દ્વિવચનના રૂપને છેડે ई ऊ કે ए આવે તો એ સ્વરો ને તેની પાછળ આવનાર સ્વરની સંધિ થતી નથી.

इषू+अस्यति=इषू अस्यति । बाले+एते=बाले एते.

कन्ये+अपि=कन्ये अपि

અભ્યાસ.

નીચેની સંધિ કરો.


नृपाः+इच्छन्ति+अन्नम; जगत्+ईश; ईक्षते+एपः+इति; रामः+अस्ति+ओदनम, मणिः+रविः; राम+इति; शरौ+अस्यति+ईश्वरः; सर्वान्+जनान्; विना+ऋत्विजः; अपतत्+अनश्यत्+च; यदा+पेच्छम; पुत्रेषु+इव; जनः+ऋण; पूजायै+आनयति; पितृ+ईहा; चित्ते+ईश्वरम; तण्डुलान्+चोरयति; सृष्टेः+रचना+एव; ज्ञानात्+मोक्षः क्रोधात्+नश्यति; गोष्ठात्+हरति; मत्स्यक+हरणम; तस्मिन्+आलये; आगच्छन्+अत्रः क्रोधः+श्यामति; उद्+डयन.

राज्ञः+अनुज्ञा+इति+अवदत्+राजा

નીચે લખેલાનાં અવ્યથી કૃદન્તો આપો.

अनु+सृ, अधि+रुह्, प्रति+श्रु, प्र+ईक्ष्, अनु+भू, कथ अव+मन्, आ+पृच्छ, परि+नी, नि+धा, अनु+वद्.

गम्–गत गन्तुम् गत्वा; गै–गीत गातुम् गीत्वा, जि–जित जेतुम जित्वा, दह्–दग्ध दग्धुम दग्ध्वा; यज–इष्ट यष्टुम इष्ट्वा; रभ–रब्ध रब्धुम् रब्ध्वा; वह्–ऊढ वोढुम ऊढ्वा; सृज सृष्ट स्रष्टुम सृष्ट्वा; हन्–हत हन्तुम हत्वा; ह्वे हूत ह्वातुम हूत्वा; वच्–उक्त वक्तुम उक्त्वा; वद्–उदित वदितुम उदित्वा; रम रत रन्तुम रत्वा; मन्–मत मन्तुम मत्वा; अद्–अदित अदितुम अदित्वा; अद् जग्ध अत्तुम जग्ध्वा; इष्–इष्ट एषितुम्–एष्टुम एषित्वा–इष्ट्वा; क्षिप् क्षिप्त क्षेप्तुम क्षिप्त्वा; जन्–जात जनितुम् जनित्वा; दृश्–दृष्ट द्रष्टुम दृष्ट्वा; धा–हित धातुम हित्वा; नम्–नत नन्तुम नत्वा; ग्रह–गृहीत ग्रहीतुम् गृहीत्वा; ज्या–जीन ज्यातुम् जीत्वा; भ्रम्–भ्रान्त भ्रमितुम भ्रमित्वा–भ्रान्त्वा; त्रस्–त्रस्त त्रसितुम त्रसित्वा; हा–हीन हातुम हित्वा; क्षुद्–क्षुण्ण क्षोत्तुम क्षुत्वा; ह्री ह्रीत–ह्रीण ह्रेतुम ह्रीत्वा; छिद्–छिन्न छेत्तुम छित्वा; भिद् भिन्न–भित्त भेत्तुम भित्वा; पू पूत पवितुम पूत्वा; पॄ पूर्ण परितुम–परीतुम पूर्त्वा; मुष–मुषित मोषितुम मुषित्वा; बन्ध–बद्ध बन्द्धुम बद्ध्वा; लू–लून लवितुम लूत्वा; ली–लीन लेतुम–लातुम् लीत्वा; स्तंभ–स्तब्ध स्तंभितुम स्तंभित्वा–स्तब्ध्वा; मा–मित मातुम मित्वा; आस् आसित आसितुम् आसित्वा



૨ કોઈ અવ્યયને છેડે ઓ હોય તો તે સ્વરની ને તેના પછી આવનાર સ્વરની સંધિ થતી નથી.


अहो+आश्चर्यम=अहो आश्चर्यम. अहो+ईशाः=ईशाः

૩ अमी કે જે સર્વનામનું બહુવચનનું રૂપ છે તેના છેલ્લા સ્વરની ને તેના પછીના સ્વરની સંધિ થતી નથી. अमी+अश्वाः=अमी अश्वाः

જે સ્વરોની બીજા સ્વરો સાથે સંધિ થતી નથી તેને સંસ્કૃતમાં **प्रगृह्य** કહેછે.

૪ શબ્દને છેડે अ, इ, उ, ऋ હ્રસ્વ કે દીર્ઘ આવે અને તેની પછી ऋ સ્વર આવે તો તે બંને સ્વરોની સંધિ વિકલ્પે કરીને થતી નથી અને જ્યારે ની નથી ત્યારે પૂર્વ સ્વર જો દીર્ઘ હોય તો હ્રસ્વ કરવામાં આવે છે.

ऋषि=ब्रह्मर्षि કે ब्रह्मऋषि.



આનાં ભૂતકૃદન્ત, હેત્વર્થકૃદન્ત અને અવ્યયીકૃદન્તો.

